# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અંદાજપત્ર પછીના વેબિનારને સંબોધતા ખેતીને દેશની લાંબાગાળાની વિકાસયાત્રા માટે વ્યૂહાત્મક આધારસ્તંભ ગણાવી.

2) ગૃહ મંત્રાલયે તમામ બંદરની સુરક્ષા CISFને સોંપવાનો નિર્ણય કર્યો.

3) ઉત્તરાખંડની વિશ્વ પ્રસિદ્ધ ચારધામ યાત્રા માટે આજથી ઑનલાઈન નોંધણી શરૂ.

4) આસામમાં વાયુસેનાનું સુખોઈ–30 M.K.I. લડાકુ વિમાન તૂટી પડતાં બે પાયલટ શહીદ

5) અમેરિકા વેનેઝુએલા સાથે રાજદ્વારી અને રાજકીય સંબંધ ફરી સ્થાપિત કરવા પર સંમત થયું.

6) મહિલા ક્રિકેટમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ મેચનો પ્રારંભ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM AGRI WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ખેતી ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે અને દેશની લાંબાગાળાની વિકાસ યાત્રા માટે એક વ્યૂહાત્મક આધારસ્તંભ છે. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ખેતી અને ગ્રામીણ પરિવર્તન વિષયવસ્તુ પર આધારિત અંદાજપત્ર પછીના વૅબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આ વર્ષનું કેન્દ્રીય અંદાજપત્ર ખેતી અને ગ્રામીણ પરિવર્તનને મજબૂત પ્રોત્સાહન આપે છે.

(BYTE: NARENDRA MODI, PM) KRISHI SECTOR

પ્રધાનમંત્રીએ નિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરીને રસાયણમુક્ત ખેતી અને કુદરતી ખેતી પર ભાર આપવા આહ્વાન કર્યું. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ અંદાજે 10 કરોડ ખેડૂતોને ચાર લાખ કરોડ રૂપિયાથી વધુની સહાય મળી છે.

(BYTE: NARENDRA MODI, PM) KRISHI SANMAN NIDHI

આ વૅબિનારના સત્રોમાં પશુપાલન મૂલ્ય શ્રૃંખલામાં ખાનગી ક્ષેત્રના રોકાણ અને ઉદ્યોગ-સાહસિકતા, મત્સ્યોદ્યોગ માટે જળાશયો અને અમૃત સરોવરના સંકલિત વિકાસ અને સ્વ-સહાય ઉદ્યોગસાહસિકો દ્વારા ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકો દ્વારા બનાવેલા ઉત્પાદનો માટે બજાર સુગમતા વિસ્તારવા પર પણ ચર્ચા કરવામાં આવશે.

# KIRTI VARDHAN-RAISINA DIALOGUE

વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે વૈશ્વિક દક્ષિણ માટે સ્થિર દરિયાઈ વિકાસની જરૂરીયાત પર ભાર મૂક્યો. આજે નવી દિલ્હીમાં રાયસીના સંવાદના બીજા દિવસે મંત્રીસ્તરના સંમેલનને સંબોધતા તેમણે ભારતના નિર્ણયો રાષ્ટ્રીય હિતોને આધારે લેવાતા હોવાનું જણાવ્યું હતું.

શ્રી સિંહે વધુમાં કહ્યું કે યુક્રેન હોય કે પશ્ચિમ એશિયા, ભારત જોડાણ અને સ્થિરતાને પ્રોત્સાહન આપે છે અને મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર જેવી પહેલને આગળ ધપાવતા સતત સંવાદ અને રાજદ્વારી બાબતો પર ભાર મૂકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જેમ જેમ ભારત બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળે છે, તેમ તેમ તે સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું જેવા ચાર મોટા સ્તંભ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# AMIT SHAH CISF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, CISF વિના ભારતના ઔદ્યોગિક વિકાસનો સંકલ્પ પ્રાપ્ત ન કરી શકાય. પછી તે વિમાનમથક હોય કે, બંદર, વાઈટલ ઇન્સ્ટૉલેશન્સ હોય કે પછી મોટા ઔદ્યોગિક એકમ. CISF હંમેશા રાષ્ટ્રની ઢાલ બનીને મજબૂતીથી ઉભું છે. ગૃહ મંત્રાલયે તમામ બંદરની સુરક્ષા CISFને સોંપવાનો નિર્ણય કર્યો છે. ઓડિશાના કટકમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ - CISFના 57-મા સ્થાપના દિવસ સમારોહને સંબોધતા શ્રી શાહે આ વાત કહી.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

શ્રી શાહે દેશની મુખ્ય સંસ્થાઓ અને મહત્વના સ્થાપનોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની સાથે આપત્તિના સમયે રાહત અને બચાવ કાર્યોમાં CISFની મહત્વની ભૂમિકાની પ્રશંસા કરી.

# UTTRAKHAND YATRA REGISTATION

ઉત્તરાખંડની વિશ્વ પ્રસિદ્ધ ચારધામ યાત્રા માટે આજથી ઑનલાઈન નોંધણી શરૂ થઈ છે. શ્રદ્ધાળુઓ વિભાગની સત્તાવાર વેબસાઈટ REGISTRATIONANDTOURISTCARE.UK.GOV.IN પર તથા મોબાઈલ એપ્લિકેશન ટૂરિસ્ટ કેર ઉત્તરાખંડના માધ્યમથી નોંધણી કરાવી શકશે.

પ્રવાસન સચિવ ધિરજ ગર્બ્યાલે કહ્યું, આ વર્ષે 19 એપ્રિલથી ચારધામ યાત્રાના પ્રારંભ સાથે યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવશે. જ્યારે કેદારનાથ ધામના કપાટ 22 એપ્રિલે અને બદરીનાથ ધામના કપાટ 23 એપ્રિલે ખોલાશે.

ચારધામ યાત્રામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે નોંધણી કરાવવી ફરજિયાત છે. આ પ્રક્રિયાને સરળ બનાવવા ભારતીય શ્રદ્ધાળુઓ આધારકાર્ડના માધ્યમથી, જ્યારે વિદેશી શ્રદ્ધાળુઓ માટે ઇ-મેલ ઓળખપત્રના માધ્યમથી નોંધણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ઑનલાઈન નોંધણી ન કરાવી શકનારા શ્રદ્ધાળુઓ માટે ઑફલાઈન નોંધણીની સુવિધા પણ ઉપલબ્ધ હશે, જે 17 એપ્રિલથી શરૂ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SUKHOI CRASH

આસામમાં વાયુસેનાનું સુખોઈ–30 M.K.I. લડાકુ વિમાન નિયમિત તાલીમ અભિયાન દરમિયાન તૂટી પડતાં બે પાયલટ શહીદ થયા છે. આ દુર્ઘટના જોરહાટ વાયુસેના મથકથી અંદાજે 60 કિલોમીટર દૂર કાર્બી આન્ગલૉન્ગ જિલ્લામાં સર્જાઈ હતી. વિમાને આ જ મથક પરથી ઉડાન ભરી હતી અને તે 47 સ્ક્વોડ્રનનું હતું. ગઈકાલે સાંજે 7.42 વાગ્યાથી આ વિમાનનો રડારથી સંપર્ક તૂટી ગયો હતો.

બોકાજન પેટા-મંડળના ચોકીહોલા ગામના સ્થાનિકોએ સૌથી પહેલા દુર્ઘટના સ્થળે પહોંચી કાટમાળમાંથી બંને પાયલટના મૃતદેહને બહાર કાઢ્યા હતા.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સુખોઈ–30 વિમાન દુર્ઘટનામાં સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પુરવેશ દુરાગકરના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું, આ અધિકારીઓની હિમ્મત અને સેવાને હંમેશા ગૌરવ અને કૃતજ્ઞતા સાથે યાદ કરાશે. તેમણે આ દુઃખના સમયમાં સમગ્ર રાષ્ટ્ર શોકગ્રસ્ત પરિવારની સાથે હોવાનું આશ્વાસન આપી તેમના પરિવાર પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી.

# ED RAID ANIL AMBANI

પ્રવર્તન નિદેશાલય – ED ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ પાવર સાથે જોડાયેલી કંપનીઓ પર દરોડા પાડયા. ED-ના જણાવ્યા મુજબ, આજે મુંબઈ અને હૈદરાબાદમાં 15 જેટલી ટુકડી 10થી 12 સ્થળ પર તપાસ કરી રહી છે. આ દરોડા રિલાયન્સ પાવર લિમિટેડ સાથે જોડાયેલા લોકોના પરિસરમાં પાડવામાં આવ્યા છે.

# NEPAL ELECTION

નેપાળમાં સામાન્ય ચૂંટણીના શરૂઆતના વલણમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી 23 બેઠક પર આગળ ચાલી રહી છે. જ્યારે નેપાળી કૉંગ્રેસ અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ – UML ત્રણ–ત્રણ બેઠક પર આગળ છે.

નેપાળમાં 275 સભ્યની પ્રતિનિધિ સભા માટે ગઈકાલે થયેલા મતદાનમાં 60 ટકા વૉટ પડ્યા. નેપાળમાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યુવાનોના વિરોધ પ્રદર્શન પછીની આ પહેલી ચૂંટણી હતી, જેમાં 10 લાખ નવા મતદાર પણ જોડાયા હતા.

# GADKARI BIOGAS CALL

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે ભારતની ઇંધણ આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને દેશને ઊર્જામાં આત્મનિર્ભર બનાવવા બાયોગેસ શ્રેષ્ઠ વિકલ્પ છે. તેઓ મહારાષ્ટ્રના પુણેમાં યશવંતરાવ ચવ્હાણ એકેડેમી ઓફ ડેવલપમેન્ટ એડમિનિસ્ટ્રેશન ખાતે આયોજિત કોમ્પ્રેસ્ડ બાયોગેસ કોન્ક્લેવના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

શ્રી ગડકરીએ કહ્યું કે ભારતનું વાર્ષિક ઇંધણ આયાત બિલ 16 લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ નિર્ભરતા ઘટાડવા તેમણે  કોમ્પ્રેસ્ડ બાયોગેસ જેવા સ્વદેશી અને સસ્તા ઇંધણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, દિલ્હી અને ઉત્તર ભારતમાં પરાળીને બાયોગેસમાં રૂપાંતરિત કરવાથી પરાળી બાળવાથી થતા પ્રદૂષણની સમસ્યાનું નિવારણ આવી શકશે. તેમણે ઉદ્યોગસાહસિકોને બાયોગેસ ઉત્પાદનમાં કાર્યક્ષમતા વધારવા આધુનિક ટેકનિક અપનાવવા અપીલ કરી હતી.

# US VENEZUELA TIES

અમેરિકાના વિદેશ મંત્રાલયે વેનેઝુએલા સાથે તેમના રાજદ્વારી અને રાજકીય સંબંધ ફરી સ્થાપિત કરવા પર સંમત થયાની જાહેરાત કરી. વેનેઝુએલાએ આંતરિક બાબતોમાં અમેરિકાના સતત હસ્તક્ષેપના કારણે જાન્યુઆરી 2019માં અમેરિકાથી રાજદ્વારી સંબંધ તોડ્યા હતા. વર્ષ 2019માં વેનેઝુએલામાં અમેરિકાના દૂતાવાસમાંથી તમામ રાજદ્વારી કર્મચારીઓ સ્વદેશ પરત આવી ગયા હતા.

આ વર્ષે જાન્યુઆરીમાં અમેરિકાની સેના વેનેઝુએલા વિરુદ્ધ એક મોટું સૈન્ય અભિયાન ચલાવી રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરો તથા તેમના પત્નીને પકડીને અમેરિકા લઈ ગઈ હતી. 31 જાન્યુઆરીએ એક રાજદ્વારી મિશન વેનેઝુએલાના પાટનગર કારાકાસ પહોંચ્યું, જે બંને દેશ વચ્ચે રાજકીય સંબંધ ફરી સ્થાપિત થવાનું પ્રતિક હતું.

# WOMEN CRICKET TEST

મહિલા ક્રિકેટમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેના મુકાબલાનો આજથી પ્રારંભ થયો. ઑસ્ટ્રેલિયાના પર્થમાં રમાતી મેચમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ટોસ જીતીને પહેલા બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે 4 વિકેટ ગુમાવી 99 રન કર્યાં છે. જ્યારે ઑસ્ટ્રેલિયાની ટીમ ઍલિસા હિલીની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરી છે.